# ગાંધીનગરના ડેવલપર્સ આજે સાઈટ પર કામ બંધ રાખશે

**સિમેન્ટ, સ્ટીલ, ગ્રીટ કપચી સહીતની ચીજવસ્તુઓના ભાવવધારાના લીધે બિલ્ડરોમાં આક્રોશ**



ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર રીયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશને સ્ટીલ, સિમેન્ટ, ગ્રીટ કપચી સહીતની ચીજવસ્તુઓમાં કૃત્રિમ ભાવવધારાનો ઉગ્ર વિરોધ કર્યો છે. એસોસિએશને આ ભાવવધારાને પાછો ખેંચવાની માંગણી સાથે આજે સાઈટ પર કામ બંધ રાખી પ્રતિકાત્મક વિરોધ કરવાના કાર્યક્રમનુ આયોજન કર્યુ છે. બાંધકામની જરૂરી ચીજવસ્તુઓ મોંઘી થતા ડેવલપર્સે પણ ૧૫ થી ૨૦ ટકા ભાવ વધારો કરવો પડે તેવી સ્થિતિ હોવાનો રોષ પણ બિલ્ડર લોબી વ્યકત કર્યો છે. ભાવવધારાના વિરોધ સાથે એસોસિએશન દ્વારા કલેકટરને આવેદનપત્ર પણ એનાયત કરાશે

કોનફેડરેશન ઓફ રીઅલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા ગાંધીનગરના પ્રમુખ સુરેશ અને પટેલના જણાંવ્યા મુજબ હાલમાં સિમેન્ટ અને સ્ટીલ ઉત્પાદક કંપનીઓએ ગેરકાયદેસર રીતે કાર્ટેલ કરીને કોઈપણ કારણ વગર તદન ગેરવ્યાજબી રીતે અસહ્ય ભાવ વધારો

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના જિલ્લા પંચાયતના ઉમેદવારો જાહેર

**તાજેતરમાં જોડાયેલા હંસાબેન પટેલને સરઢવ બેઠક અને પૂર્વ પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરને સાંતેજ બેઠક ફળવાઈ : ઉમેદવારોમાં ૫૦ થી ઓછી વયના નવા ચહેરાઓનો સમાવેશ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો માટેના ઉમેદવારોની યાદી આજે ભારતીય જનતા પક્ષ દ્વારા જારી કરવામાં આવી છે.

જિલ્લા ભાજપ પ્રમુખ નૌલેસ શાહ, મહામંત્રી આઈ.બી. વાઘેલા તેમજ અનિલભાઈએ આ યાદીની જાહેરાત જિલ્લા કાર્યાલય ખાતે બપોરે કરી હતી.

જિલ્લા પંચાયતમાં નો રીપીટની થિયરી અપનાવવામાં આવી છે અને વિસર્જીત પંચાયતના એક પણ સદસ્યને ટિકિટ આપવામાં આવી નથી. આ યાદી સાથે કલોલ, માણસા અને દહેગામ તા.પં.ના ઉમેદવારોની યાદી પણ જાહેર કરવામાં આવી છે.

ભાજપના હોદ્દેદારોએ જણાવ્યુ હતુ કે કલોલ અને દહેગામ નગરપાલિકાના ઉમેદવારોની યાદી મોડી સાંજે જાહેર થઈ શકે છે. તેમણે કહ્યુ હતુ કે જિલ્લા પંચાયતની સાદરા બેઠક માટે સામાજિક સમીકરણોના મુદ્દે તેમજ કાર્યકરોની વધુ રજુઆતો હોવાથી કાલે અથવા મોડી સાંજે જાહેર કરી દેવામાં આવશે.

નવા સીમાંકન પછી યોજાઈ રહેલી આ જિલ્લા પંચાયતમાં ભાજપનો ભવ્ય વિજય થશે તેવો તેમને વિશ્વાસ છે. ઉમેદવારોની પસંદગીમાં અનેકવિધ બાબતોને લક્ષમાં લેવામાં આવી હોવાનું પણ તેમણે સ્વીકાર્યુ હતુ.

જિલ્લા પંચાયતની આજે જાહેર કરાયેલ યાદીમાં ભાજપમાં નવા જોડાયેલા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રામાજી ઠાકોર તથા હંસાબેન ઈન્દ્રભાઈ પટેલનો પણ સમાવેશ કરાયો છે.

જિલ્લા પંચાયતમાં કેટલાક જુના આગેવાનોની પણ પસંદગી કરવામાં આવી છે. યુવા ચહેરાઓને વધુ પસંદગી આપવામાં આવી હોવાનો દાવો કરતાં આગેવાનોએ જણાવ્યુ હતુ કે ૧૫ થી વધુ ઉમેદવારો ૫૦ થી ઓછુ વય ધરાવતા છે.

પક્ષમાં ઉમેદવારોની પસંદગીને લઈ કોઈ વિવાદ નહિ હોવાનો દાવો પણ આ આગેવાનોએ કર્યો છે.

| બેઠકનું નામ | ઉમેદવારનું નામ |
|---|---|
| અડાલજ | ઠાકોર જયાબેન સંજયકુમાર |
| છાલા | પટેલ હસમુખભાઈ કેશવલાલ |
| ચિલોડા (ડ) | સંગાડા કવીતાબેન સમુદાભાઈ |
| ડભોડા | ઠાકોર મીનાબેન લલીતકુમાર |
| સાદરા | (જાહેરાત બાકી) |
| સરઢવ | પટેલ હંસાબેન ઈન્દ્રવદનભાઈ |
| ઉવારસ | ઠાકોર ભરતજી રાયસંગજી |
| વલાદ | જાદવ રંજનબેન અનિલજી |
| બિલોદરા | રાઠોડ અમરતબેન ભરતસિંહ |
| ચરાડા | પટેલ લીલાબેન જયંતીભાઈ |
| ઈટાદરા | પટેલ શિલ્પાબેન જયેશકુમાર |
| લોદરા | પટેલ કલ્પેશભાઈ મણીલાલ |
| મહુડી | રાઠોડ જશવંતસિંહ રતનસિંહ |
| સમા | ચૌધરી પીનાબેન પલ્કેશભાઈ |
| સોજા | વાઘેલા કરણસિંહ શંકરસિંહ |
| અમરાજીના મુંવાડા | બિહોલા પારસબેન કિરીટસિંહ |
| બહિયલ | પટેલ જયશ્રીબેન રાકેશકુમાર |
| હાલીસા | પટેલ નાથુભાઈ મોતીભાઈ |
| હરખજીના મુંવાડા | ચૌહાણ કાંતાબેન મહોબતસિંહ |
| કડજોદરા | રાઠોડ રાજેન્દ્રસિંહ વીરાજી |
| રખીયાલ | ઝાલા ભારતસિંહ બળસિંહ |
| સાણોદ | ચાવડા ગુણવંતસિંહ પીથુસિંહ |
| ભોયણ મોટી | ઠાકોર સીતાબેન કમલેશજી |
| બોરીસણા | ઠાકોર દિનેશજી આતાજી |
| પલીયડ | પટેલ અનિલકુમાર બાબુલાલ |
| પાનસર | પરમાર કુસુમબેન નરેન્દ્રભાઈ |
| સઈજ | ઠાકોર ભગવતીબેન ભરતજી |
| સાંતેજ | ઠાકોર રામાજી વાઘાજી |

# નો રીપીટ થિયરી અને નવોદિતોની પસંદગીથી ભાજપના કાર્યકરોમાં નિરાશા

**આયાતી ઉમેદવારોની પસંદગી સામે ગણગણાટ : જૂના કાર્યકરોની અવગણના થતાં નિષ્ક્રિય બનવાની કાર્યકરોની ચીમકી**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના ૨૮ બેઠકો માટેના ઉમેદવારોની યાદી ભાજપ દ્વારા જારી કરી દેવામાં આવ્યા બાદ પક્ષની નેતાગીરીએ ડેમેજ કંટ્રોલની કામગીરીને પણ વેગીલી બનાવી દીધી છે.

મળતી વિગતો મુજબ કેટલીક બેઠકો પર જે રીતે જૂના કાર્યકોરની અનદેખી કરવામાં આવી છે તેને લઈ તેમજ નો રીપીટ થિયરીને પગલે પણ કાર્યકરોમાં નિરાશા જોવા મળી રહી છે.

જિલ્લા પંચાયતની ચૂંટણીની જાહેરાતના સમયે જ પક્ષમાં જોડાયેલા બે કોંગી આગેવાનોનો સમાવેશ ઉમેદવારોની યાદીમાં થતાં પણ ભાજપમાં નારાજગી જોવા મળી રહી છે.

ભાજપના નેતાઓ દ્વારા ઉમેદવારોની પસંદગીમાં દરેકને સાથે લઈ ચાલવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો દાવો થાય છે. પરંતુ કેટલીક બેઠકો પર એક ચૂંટણીના વિરામ બાદ આ વખતે પસંદગી થઈ હોય તેવુ પણ બન્યુ છે.

જિલ્લામાં નવુ સીમાંકન હોવાથી ભાજપે ઉમેદવારોની પસંદગી પૂર્વે આકરી મહેનત કરી છે પણ માણસામાં સામાજિક સમીકરણોને ન્યાય નહિ અપાયાની ફરિયાદ ઉઠી છે.

ભાજપમાં જુના કાર્યકરોની જે રીતે અવગણના કરવામાં આવી છે તેને લઈ પણ કાર્યકરોમાં નિરાશાનું મોજુ પ્રસરી ગયુ છે.

દહેગામ નગરપાલિકાની યાદીમાં રહેલ નામોએ સૌને ચોંકાવી દીધા છે અને પાયાના કાર્યકર્તાઓની જે રીતે બાદબાકી થઈ છે તેને લઈ દહેગામમાં રાજકીય ઉત્તેજનાઓ સવાર થઈ ગઈ છે.

કેટલાક વોર્ડમાં તો સાવ નવા નિશાળીયાઓની પસંદગી કરાઈ છે તે જોતાં નવોદિતોને ખભે ભાર મુકવાનો નિર્ણય પક્ષની નેતાગીરીએ કર્યો હોય તેવુ લાગે છે.

દહેગામમાં ઉમેદવારોની યાદી જાહેર થયા પછી અલગ પ્રકારની જ ચહલ-પહલ કાર્યકરોમાં જોવા મળી રહી છે.

# કોંગ્રેસના છેલ્લી ઘડી સુધી ઉમેદવારોની પસંદગીમાં ખેંચતાણ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષમાં જે આંતરિક ખેંચતાણ ચાલી રહી છે તેને પગલે ઉમેદવારી પત્ર ભરવાના બે દિવસ અગાઉ પણ ઉમેદવારો જાહેર થઈ શક્યા નથી.

પક્ષમાં કોઈ આંતરિક મતભેદ નહિ હોવાનો દાવો કરતાં પક્ષના સૂત્રો જણાવે છે કે ક્યાંક વિચારભેદ હોઈ શકે છે પણ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ચાલી રહી છે. આ સૂત્રોએ જણાવ્યું છે કે યાદીને આખરી ઓપ આપતાં પૂર્વે પ્રદેશ નેતાઓ સાથે આજે મોડી રાત્રે અથવા કાલે સવારે બેઠક યોજાશે અને તેમાં મંજૂરીની મહોર લેવામાં આવશે. આ પછી શક્ય હશે તો સાંજે અથવા પછી ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે.

જિલ્લા પંચાયત કબ્જે કરવા માટે કોંગી નેતાઓમાં જામેલી ખેંચતાણને લઈ કોઈ ખુલીને બોલવા તૈયાર નથી. પક્ષના હોદ્દેદારો પણ બીજી વાત કરો એમ કહીને પસંદગીના મુદ્દાને ટાળી રહ્યા છે. પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ એક-બે વરિષ્ઠ આગેવાનો સખ્ત નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. નવુ સીમાંકન હોવાથી બધા જ પાસાંઓને ધ્યાને રાખી ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

# જિલ્લામાં વધુ ૨૩ ઉમેદવારોએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીના જંગમાં ઝુકાવ્યુ

**કલોલ ન.પા.માં આમ આદમી પાર્ટીના ઉમેદવારો નોંધાયા : જિ. પંચાયત માટે ૪ અને તા.પં. માટે ૧૦ ઉમેદવારોએ ઝુકાવ્યુ**

ગાંધીનગર, તા. ૧૧

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આજે વધુ ૨૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

આજે ભાજપ દ્વારા યાદી જાહેર થતાં તેના ઉમેદવારો પણ શુક્રવારે ઉમેદવારી નોંધાવશે. હવે બે દિવસ બાકી હોવાથી ઉમેદવારી નોંધાવવામાં ભારે ઘસારો રહેશે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તા.પં.માં આજે વધુ ૬ ઉમેદવારી પત્રો રજુ થયા છે. માણસામાં પણ આજે એક ઉમેદવારી પત્ર તેમજ દહેગામ તાલુકા પંચાયત માટે ૩ ઉમેદવારી પત્રો ભરાયા છે.

કલોલ નગરપાલિકાની ચૂંટણીમાં આજે આમ આદમી પાર્ટીના ઉમેદવારો સહિત કુલ ૭ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. તો માણસા નગરપાલિકાની પેટા-ચૂંટણી માટે આજે વધુ ૨ ઉમેદવારી પત્રો ભરાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કોરોનાના ૯ કેસ

**ગાંધીનગર તાલુકામાં પાંચ કેસ મળતાં તંત્રમાં ચિંતાનો માહોલ : શહેરમાં સે. ૧૪ માં, સે. ૨૨ અને સે. ૨ માંથી કેસો મળ્યા : ૧૦ ને ડિસ્ચાર્જ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૯ કેસ નોંધાયા છે જેમાં ગાંધીનગર શહેરના ૪ કેસ અને ગ્રામ્ય વિસ્તારના ૫ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકામાં કોરોનાના કેસો જે રીતે મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા પાંચેય કેસ ગાંધીનગર તાલુકાના છે.

આજે નોંધાયેલા પાંચ કેસમાંથી ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે એક મહિલા દર્દી પણ મળી આવેલ છે. મોટીવયના લોકો પણ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા ઘેરી બની છે.

ગાંધીનગર તાલુકામાં આજે કુડાસણ, અડાલજ અને સરગાસણથી મળેલા કેસના દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વાયુશક્તિનગર આલમપુર અને ઉવારસદમાંથી મળેલા કેસના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૦૪૦ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૩૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૨૬૬૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૪ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાંથી એક દર્દીને સારવાર માટે અમદાવાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યારે ૩ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે સંક્રમિત થનારાઓમાં એક મહિલા છે. ૩ દર્દીઓ ૬૦ થી વધુ વય ધરાવતા મળી આવ્યા છે. મોટીવયના દર્દીઓ સંક્રમિત થતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

આજે સે. ૧૪ માંથી બે કેસ ઉપરાંત સે. ૨૨ અને સે. ૨ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.



પંડિત દીનદયાળજીની પૂણ્યતિથી નિમિત્તે અમદાવાદના કાંકરીયા ખાતે આયોજીત કાર્યક્રમમાં ભા.જ.પા.ના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ઉમેદવારો અને કાર્યકરોને સંબોધતા મુખ્યમંત્રીએ કહ્યું કે ભારતીય જનતા પાર્ટી માટે ચૂંટણી એ સત્તા મેળવવાનો પ્રસંગ નહીં, પરંતુ સમાજમાં અંત્યોદય થાય, જનસામાન્યની સેવા થાય તે માટેનો અવસર છે. મુખ્યમંત્રીએ કહ્યું કે પંડિત દીનદયાળજી આર્ષદૃષ્ટા હતા, સૌના વડીલ નેતા હતા. સૌને પ્રેરણા મળે તેવું તેમનું જીવન હતું. ભારતીય જનતા પાર્ટી આજે દુનિયાની સૌથી મોટી પાર્ટી બની છે. દેશમાં પંચાયતથી પાર્લામેન્ટ સુધી ભાજપની સરકાર બની છે, તેના મૂળમાં પંડિતજીનો પુરુષાર્થ પણ રહેલો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલને અભિનંદન પાઠવતા કહ્યું કે આજના દિવસને સંકલ્પ દિવસ તરીકે ઉજવી ભાજપાના નાના-મોટા તમામ કાર્યકરોમાં પ્રેરણા-ઉત્સાહ ભરવાનું એક આગવું કાર્ય કર્યું છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે રાજકારણમાં મૂલ્યોની જાળવણી થાય તે આપણું લક્ષ્ય છે. ભારતીય જનતા પાર્ટી પ્રજાની અપેક્ષા-આકાંક્ષા પૂરી કરવા માટે પંચનિષ્ઠાને વરેલી પાર્ટી છે. પંડિત દીનદયાળની અંત્યોદયની સર્વ કલ્યાણની ભાવનાને નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં આપણે સાર્થક કરી રહ્યા છીએ તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે દિલ્હી કે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતો, યુવાનો, મહિલા સહિત તમામ વર્ગના લોકો માટેની સરકાર છે.

# સીટી બસ માટે આમ નાગરિકોએ સુચવેલા રૂટની અવગણનાથી આક્રોશ

**પાંચ દાયકા પુર્વે પણ સેકટરોમાં ફરતી બસસેવા બંધ કરવાની ફરજ પડી હતી : મિની બસનો કન્સેપ્ટ પણ અનિવાર્ય હોવાનો સુર**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં દાયકાઓના અંતે સેકટરોમાં સીટી બસ શરૂ કરવા માટે આયોજન કરાયુ છે. શહેરમાં સીટી બસ સેવા પાંચ દાયકા પુર્વે પણ કાર્યરત હતી પરંતુ મિનીબસના અભાવે આ સેવા બંધ કરવાની ફરજ પડી હોવાનુ તારણ પણ ધ્યાને આવ્યુ છે. ત્યારે કોર્પોરેશનના સીટી બસના આયોજન અન્વયે પ્રારંભિક તબક્કે મિનીબસનો ઉપયોગ કરવા સહીત આમ નાગરિકોએ સીટી બસને અનુલક્ષી સુચવેલા રૂટની પણ અવગણના કરવામાં આવી હોવાનો રોષ ઉઠવા પામ્યો છે.

ગાંધીનગરમાં લાંબા સમય બાદ સેકટરોમાં સીટી બસ સેવા શરૂ કરવા માટે આયોજન કરાયુ છે. પાંચ દાયકા પુર્વે પણ શહેરમાં સીટી બસ શરૂ કરવામાં આવી હતી. જયારે આ વેળાએ માત્ર ૧૦ પૈસાના ભાડામાં સીટી બસ દોડતી હતી ત્યારે એક રૂટ અન્વયે સીટી બસ સે-૨૯ થી ઉપડીને સે-૨૮સે-૨૩, ૨૪ સે-૧૭ થઈને સે-૨૨ પંચદેવ મંદિર થઈને સે-૨૧ અને સે-૧૯ અને ૨૦ની ઈન્કવાયરી સુધી દોડતી હતી. જયારે અન્ય એક રૂટમાં સેકટરોના આંતરિક વિસ્તારમાં સર્પાકાર રૂટમાં બસ દોડતી હતી પરંતુ મિનીબસના બદલે મોટી બસ રૂટમાં દોડતા આ

● અનુસંધાન પાન-૭ પર


દ્વિતિય વાર્ષિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલિ



સ્વ. નિધીબેન હરિભાઈ ચૌધરી

જન્મ તા. : ૧૨/૩/૧૯૯૬ ● સ્વર્ગવાસ : ૧૨/૨/૨૦૧૯

ખોયું રતન મજબૂર બનીને અમે,
પ્રભુ હવે એ રતન તારા હાથમાં છે.
સદા સાચવજે એ જ પ્રાર્થના પ્રભુ હવે,
એનું જતન તારા હાથમાં છે.

લી.

હરિભાઈ જે. ચૌધરી (પપ્પા) — શારદાબેન એચ. ચૌધરી (મમ્મી)

નાગેશ એચ. ચૌધરી (ભાઈ)

પ્લોટ નં. ૧૩૨૩/૧, સેક્ટર-૭/ડી, ગાંધીનગર

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality | KisaN® | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com